# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

## જા.ક્ર. ૨૨૨/૨૦૨૩૨૪ – મશીન ઓવરશીયર, વર્ગ–૩ ના ઉમેદવારોના

## પ્રમાણપત્રોની ચકાસણી માટે અગત્યની જાહેરાત

મંડળની જા.ક્ર. ૨૨૨/૨૦૨૩૨૪ – મશીન ઓવરશીયર, વર્ગ–૩ સંવર્ગની તા.૧૦/૦૩/૨૦૨૪ ના રોજ યોજાયેલ **MCQ-CBRT (Computer Based Recruitment Test)** માં ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ આધારે પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવાની થાય છે તેવા ઉમેદવારોના **MCQ-CBRT** પરિક્ષાના બેઠક ક્રમાનુસારની યાદી આ સાથે મૂકવામાં આવેલ છે. જે જોઈ લેવા સંબંધિત ઉમેદવારોને આથી જણાવવામાં આવે છે.

ઉકત સંવર્ગના ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેનો કાર્યક્રમ, સ્પર્ધાત્મક લેખિત કસોટીના બેઠક ક્રમાનુસારની ઉમેદવારોની યાદી અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સંબંધેની ઉમેદવારો માટેની સુચનાઓ નીચે દર્શાવ્યા મુજબ છે.

સ્થળઃ ગાંધીનગર
તારીખઃ ૧૦/૦૬/૨૦૨૪

હસમુખ પટેલ
સચિવ

# પ્રમાણપત્રોની ચકાસણીનો કાર્યક્રમ

## સ્થળઃ કમિટિ હોલ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, બ્લોક નં. ૨, પ્રથમ માળ, કર્મયોગી ભવન, નિર્માણ ભવનની પાછળ, સેકટર– ૧૦–એ, ગાંધીનગર

| અ.નં. | જાહેરાત ક્રમાંક અને સંવર્ગનું નામ | ઉમેદવારોના સીરીયલ નંબર | પ્રમાણપત્રોની ચકાસણીની તારીખ | સમય |
|---|---|---|---|---|
| ૧ | જા.ક્ર. ૨૨૨/૨૦૨૩૨૪, મશીન ઓવરશીયર, વર્ગ–૩ | ક્રમ ૧ થી ૨ | ૧૪/૦૬/૨૦૨૪ | સવારે ૧૧–૩૦ કલાકે |

## અસલ પ્રમાણપત્રોની ચકાસણી માટેના ઉમેદવારોની સ્પર્ધાત્મક લેખિત કસોટીના બેઠક ક્રમાનુસાર ની યાદી

***NOTE: THE NAME IN THE LIST SHOULD NOT BE CONSIDERED AS SELECTION FOR THE POST. SUBJECT TO VERIFICATION OF AGE, QUALIFICATION, CASTE AND ALL OTHER ELIGIBILITY CRITERIA.***

| Sr. No. | Confirmation No. | Roll No. | Full Name | Gender |
|---|---|---|---|---|
| 1 | 23115238 | 222000012 | Ms. NILAM KARANKUMAR PATEL | F |
| 2 | 68774252 | 222000051 | Mr. NITIN ASHOKBHAI PATIL | M |

## <u>સૂચનાઓઃ–</u>

(૧) પ્રસ્તુત યાદીમાં, ઉમેદવારોએ **MCQ-CBRT (Computer Based Recruitment Test)** પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ, લઘુત્તમ લાયકી ગુણ અને કેટેગરી વાઈઝ ભરવાની થતી જગ્યાઓના આધારે પસંદગી યાદીમાં સમાવવાપાત્ર સંભવિત ઉમેદવારો કે જેઓને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સારૂ બોલાવવાના થાય છે તેવા ઉમેદવારોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૨) ઉપર દર્શાવેલ યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણીને અંતે લાયક ઠરેલ ઉમેદવારોની સંખ્યા અને જાહેરાતમાં દર્શાવેલ કેટેગરી વાઇઝ ભરવાની થતી જગ્યાઓની વિગતો ધ્યાને લઈ ઉમેદવારોએ ઉકત **MCQ-CBRT** પરીક્ષામાં મેળવેલ ગુણના મેરીટસ આધારે કેટેગરી પ્રમાણે પસંદગી/પ્રતિક્ષા યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૩) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયા બાદ આખરી પરિણામ પ્રસિદ્ધ થયેથી **MCQ-CBRT** પરીક્ષામાં ઉપસ્થિત રહેલ તમામ ઉમેદવારોએ મેળવેલ માર્કસની વિગતો મંડળની વેબસાઇટ પરથી જોઇ શકાશે. તેથી આખરી પરિણામ પ્રસિદ્ધ થયા પહેલાં માર્કસ જાણવા અંગેની કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની તમામ ઉમેદવારોએ જરૂરી નોંધ લેવી.

(૪) ઉમેદવાર, ઉપર દર્શાવેલ યાદીમાં પોતાના નામના સમાવેશ માત્રથી તેઓનો પસંદગી/પ્રતિક્ષા યાદીમાં સમાવેશ માટેનો કોઇ હક્ક દાવો કરી શકશે નહીં.

(૫) જે ઉમેદવાર મશીન ઓવરશીયર, વર્ગ–૩ની જગ્યાએ જોડાવવા માંગતા ના હોય અને પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત રહેવા માંગતા ન હોય તેવા ઉમેદવારોએ લેખિતમાં મંડળને જાણ કરવાની રહેશે.

(૬) અનિવાર્ય સંજોગોમાં ઉમેદવાર આ કાર્યક્રમમાં હાજર રહી શકે એમ ના હોય તો તેઓ તેમના વાલીને સંમતિપત્રક સાથે મોકલી પ્રમાણપત્રોની ચકાસણી કરાવી શકે છે. આ માટે નિયત નમુનાનું સંમતિ પત્રક વાલી સાથે મોકલવાનું ફરજીયાત છે.

(૭) ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી ઉપર દર્શાવેલ કાર્યક્રમ મુજબ કરવામાં આવનાર છે. તે માટે સંબંધિત ઉમેદવારોને રૂબરૂ ઉપસ્થિત રહેવાની જાણ કરતા વ્યક્તિગત પત્રો અલગથી RPAD મારફત રવાના કરવામાં આવી રહેલ છે. ઉકત પત્રો, પ્રમાણપત્રોની ચકાસણીની સંબંધિત તારીખ પહેલાં ટપાલમાં મળેલ ન હોય તો પણ ઉમેદવારોએ કાર્યક્રમમાં દર્શાવેલ નિયત તારીખ અને સમયે નીચે દર્શાવ્યા મુજબના વય, જાતિ, શૈક્ષણિક લાયકાત, અનુભવ વગેરેના અસલ તેમજ પ્રમાણપત્રોની બે–બે ઝેરોક્ષ નકલના સેટ સાથે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે.

(૧) મંડળ તરફથી મળેલ પત્ર, ૨ – પાસપોર્ટ સાઇઝના ફોટા, આઇ.ડી. પ્રુફ

(૨) જન્મ તારીખના પુરાવા માટેઃ– શાળા છોડયાનો દાખલો
– ધોરણ – ૧૦ અને ૧૨ નું પ્રમાણપત્ર જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.

(૩) શૈક્ષણિક લાયકાતમાં દર્શાવેલ પ્રિન્ટિંગ ટેક્નોલોજીમાં અથવા ગ્રાફિક આર્ટમાં સ્નાતકની ડીગ્રી/ પ્રિન્ટિંગ ટેક્નોલોજીમાં અથવા ગ્રાફિક આર્ટમાં ડિપ્લોમાની તમામ વર્ષ/ તમામ સેમેસ્ટરની માર્કશીટ અને પ્રમાણપત્ર

(૪) જાહેરાતમાં દર્શાવ્યા મુજબનું અનુભવનું પ્રમાણપત્ર

(૫) કોમ્પ્યુટરની જાણકારી અંગેનું પ્રમાણપત્ર

(૬) સ્પોર્ટસ ઉમેદવારો માટે નિયત રમતો પૈકીની રમતમાં નિયત કક્ષા (રાષ્ટ્રીય/ આંતર રાષ્ટ્રીય કક્ષા **અથવા** આંતર યુનિવર્સિટી **અથવા** અખિલ ભારત શાળા સંઘ દ્ધારા યોજાતી સ્પર્ધાઓમાં) એ પ્રતિનિધિત્વ કરેલ હોવા અંગેનું સક્ષમ સત્તાધિકારીનું નિયત નમૂનાનું પ્રમાણપત્ર (જોડાણ–ગ, નમૂના ફોર્મ–૧, ફોર્મ–૨, ફોર્મ–૩, ફોર્મ–૪, આ તમામ ફોર્મ્સ મંડળની વેબસાઇટ પર ઉમેદવારની ઉપયોગિતાઓમાં રમત ગમતના ઉમેદવારો માટે સેક્શનમાં ઉપલબ્ધ છે.)

# ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંક : **૨૨૨/૨૦૨૩૨૪ – મશીન ઓવરશીયર,** વર્ગ-૩ સંવર્ગની, જગાઓ સીધી ભરતીથી ભરવા અન્વયે પ્રમાણપત્રોની ચકાસણીમાં ઉપસ્થિત ન રહી શકનાર ઉમેદવારો માટે

**ઉમેદવારનું સંમતિપત્રક**

હું, શ્રી........................................................................................, સરનામું : ........................................................................................ સ્પર્ધાત્મક લેખિત કસોટી બેઠક નં. ................................................. આથી સંમતિ આપું છું કે, ............................................................ કારણોસર (આ અંગેનો પુરાવો આ સાથે સામેલ છે.) પ્રમાણપત્રોની ચકાસણી અને ખાતા પસંદગી કાર્યક્રમમાં રૂબરૂ ઉપસ્થિત રહી શકું તેમ ન હોઇ, મારા વાલી–પિતા/માતા/ભાઇ/બહેન શ્રી ....................................................., ઓળખના પુરાવા ................................................ નંબર...................................... ને પ્રમાણપત્રોની ચકાસણીમાં રૂબરૂ ઉપસ્થિત રહી પ્રમાણપત્રોની ચકાસણી કરાવવા માટે હું સંમતિ આપું છું.

ઉમેદવારની સહી અને નામ

સ્થળ:

તારીખ:.

વાલીની સહી અને નામ

| ઉમેદવારનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે | વાલીનો ફોટો જેના પર ઉમેદવારે સહી કરવાની રહેશે |
|---|---|